

# Post Mortem Examination


Sumit Kr. Choudhary
Assistant Professor
Raksha Shakti university

<u>POST MORTEM EXAMINATION</u>

- પોસ્ટમોર્ટમ પરિક્ષણ એ મૃત શરીરનું પરિક્ષણ છે. એટલે કે શબનું પરિક્ષણ છે.
- **શબ પરીક્ષણ =** Post-Mortem
- Post = After; Mortem = Death
- "Autopsy"  Auto = Self;  Opis = viewing of the body
- "Necropsy"  Necroses= Dead Body,  Opis = To View
- To View or Examine the Dead Body
- **મૃત શરીરનું નિરીક્ષણ કે પરીક્ષણ કરવું**

## <u>શબ-પરીક્ષણ એટલે શું?</u>

**શબ પરીક્ષણ = પોસ્ટમોર્ટમ એક્ઝામીનેશન**

શબ-પરીક્ષણ જેને પોસ્ટ-મોર્ટમ અથવા ઓટોપ્સી કહે છે. તે એક મહત્વપૂર્ણ મેડીકલ તપાસ છે, જેનાથી વ્યક્તિની ભૂતકાળની બિમારી અને તેના મૃત્યુના કારણની વધુ માહિતી મળી શકે છે.

– શબ પરીક્ષણ સામાન્ય રીતે સરકારી હોસ્પિટલો, દવાખાના, સામુહિક આરોગ્યકેન્દ્રમાં હાથ ધરવામા આવે છે. શબ પરીક્ષણ ફરજ પરના સરકારી તબીબી અધિકારી કે અધિકારીઓ ધ્વારા હાથ ધરાય છે. એકથી વધુ તબીબો ધ્વારા તેમજ તેમની હાજરીથી શબ પરીક્ષણ કરવામાં આવે તેને પેનલ શબ પરીક્ષણ કહેવાય છે.

– શબ પરીક્ષણ સામાન્ય રીતે સૂર્યપ્રકાશમાં (Day time)કરવામાં આવે છે.

– શબ પરીક્ષણ તપાસ અધિકારી (પોલીસ અધિકારી) ની લેખિત સંમતિ તેમજ રાજયના કાયદાઓને ધ્યાને લઈને હાથ ધરાય છે.

– શબ પરીક્ષણ સામાન્ય રીતે શબગૃહમાં જ હાથ ધરવામાં આવે છે.

– ભોગ બનનાર ના સગાં સંબંધીઓની આ પ્રકારના શબ પરીક્ષણ અન્વયે પરવાનગી કે સંમતિની જરૂરીયાત રહેતી નથી.

– શબ પરીક્ષણ માટે કોઈપણ પ્રકારની ફી લેવામાં આવતી નથી.

– શબ પરીક્ષણ સમયે પોલીસ અધિકારી કે મૃતકના સગાં કોઈને હાજર રાખવામાં આવતા નથી.

– પોસ્ટમોર્ટમ ની દ્રષ્ટીએ શરીરના ત્રણ ભાગો – માથાનો ભાગ–ક્રેનીયલ, છાતીનો ભાગ–થોરાસીક અને પેટ–પેઢુંનો ભાગ–એબડોમીનલ શબ પરીક્ષણ દરમ્યાન ખોલવામાં આવે છે. અને પરીક્ષણ અન્વયે મૃત્યુંનુ કારણ નક્કી કરવામાં આવે છે.

## <u>પોસ્ટ-મોર્ટ શા માટે કરવામાં આવે છે?</u>

- ❖ તેનાથી મૃત્યુનું કારણ નક્કી થઇ શકે છે.
- ❖ રોગનાં લક્ષણો તેમજ માત્રાનું ચોક્કસ માપ જાણી શકાય છે.
- ❖ બીજાં કેટલાંક(રોગનાં) લક્ષણો,જેની માહિતી ન મળેલ હોય તે મેળવી શકાય છે.
- ❖ મૃતકને મળેલી સારવાર અને આપેલી દવાઓનો અંદાજ આવી શકે છે, અને બીજા કોઇ પ્રકારની તકલીફો અથવા સાઇડ-ઇફેક્ટને જાણી શકાય છે.

## <u>મેડીકો લીગલ પોસ્ટમોર્ટમ કરવાના હેતુઓ</u>

૧. મૃત્યુનું ચોકકસ કારણ જાણવા માટે જેવા કે....

(એ) કુદરતી કે અકુરતી મૃત્યુ

(બ) અકુદરતી મૃત્યુના કિસ્સામાં, અકસ્માત આત્મહત્યા કે હત્યા.

(સી) હત્યાના કિસ્સામાં ગુનો પુરવાર કરવા માટે મદદરૂપ થવા કોઈ પુરાવા મળી આવે તે.

૨. ભોગ બનનાર વ્યકિતની –અજાણી લાશની ઓળખ પ્રસ્થાપિત કરવા

૩. મૃત્યુના સમયની જાણકારી મેળવવા.

૪. નવજાત જન્મેલા –બાળ હત્યાના કિસ્સામાંઃ–

ત્યજી દેવાયેલા ભ્રૂણના કિસ્સામાં,ભ્રૂણ જીવીત હતું કે મૃત્યુ પામેલું અથવા પૂર્ણ વિકસીત સ્થિતિમાં જન્મેલું હતું કે કેમ ? તે નકકી કરવા માટે નવજાત બાળક જીવતું જન્મેલ હોય તો તેવા કિસ્સામાં તેની ઉંમર અને મૃત્યુ થવાનું કારણ નકકી કરવા.

૫. હાડપિંજર(સ્કેલેટલ), કપાયેલા શરીરના અંગો કે સડી ગયેલ મૃત શરીર (મ્યુટીલેટેડ રીમેઈન્સ ઓફ ધ ડી કમ્પોઝ બોડી) ના કિસ્સામાં મનુષ્યની જાતિ, મૃત્યુનું કારણ, મૃત્યુનો સમય નકકી કરવા

## <u>પોસ્ટ-મોર્ટમ કોણ કરે છે?</u>

- ❖ પોસ્ટ-મોર્ટમ પેથોલોજીસ્ટ(રોગ નિદાન શાસ્ત્રી) તરીકે ઓળખાતા ડૉક્ટર દ્વારા કરવામાં આવે છે, જે રોગિષ્ટ પેશીઓ અને રોગના પ્રયોગશાળામાં થતા અભ્યાસના નિષ્ણાત છે. તેમના મદદનીશ તરીકે એક ટેક્નીશીયન હોય છે જેમણે રોગનિદાનશાસ્ત્રીને મદદ કરવા માટેની ખાસ તાલીમ લીધેલી હોય છે.
- ❖ હોસ્પિટલના શબઘરમાં ઉપલબ્ધ વિશિષ્ટ સગવડોવાળા રૂમમાં પોસ્ટ-મોર્ટમની પ્રક્રિયા કરવામાં આવે છે.

## <u>શબ પરીક્ષણની શરૂઆત – (Starting PM)</u>

તપાસ અધિકારી ધ્વારા જરૂરી કાગળો મળ્યેથી શબ પરીક્ષણ શકય હોય તેટલું મેડીકલ ઓફિસરશ્રી ધ્વારા સમયસર વહેલું હાથ ધરવું જોઈએ.

અઠવાડીયાના તમામ દિવસોમાં શબ પરીક્ષણ કરવામાં આવે છે.

શબ પરીક્ષણનો અહેવાલ ૪૮ કલાકમાં આપવો જોઈઅ

## <u>**પરીક્ષણ** – (Examination)</u>

પહેરેલ કપડાં, શરીરના બાહય દેખાવ અને શરીરના ત્રણ પોલાણો નું વિસ્તૃત પરીક્ષણ કરવું જોઈએ. ત્રણ પોલાણો એટલે કે કેનીયલ, થોરાસિક અને એબડોમીનલ.

**પોસ્ટ મોર્ટમ**

૧. મેડીકો લીગલ પોસ્ટમોર્ટમ/ફોરેન્સિક પોષ્ટમોર્ટમ

૨. પેથોલોજીકલ/કલીનીકલ/ સાયન્ટીફક પોસ્ટમોર્ટમ

### ૧. મેડીકો લીગલ- Forensic પોસ્ટમોર્ટમ

મેડીકો લીગલ પોસ્ટમોર્ટમ મેડીકલ ઓફીસરશ્રી ધ્વારા હાથ ધરવામાં આવે છે. તપાસ અધિકારી–પોલીસ અધિકારીની લેખીત સંમતિ અને રાજયના કાયદાઓની જોગવાઈઓને ધ્યાનમાં લઈને પોસ્ટમોર્ટમ કરવામાં આવે છે. અકૃદતી મૃત્યુનું કારણ જાણવા માટે પોષ્ટમોર્ટમ હાથ ધરવામાં આવે છે.

**અકુદરતી મૃત્યુ**

– અકુદરતી મૃત્યુ એટલે અકસ્માત, આત્મહત્યા કે હત્યાના કિસ્સામાં મૃત્યુનું ચોકકસ કારણ જાણવા માટે પોસ્ટમોર્ટમ કરવામાં આવે છે.

–પોલીસ કસ્ટડી કે જયુડીશીયલ કસ્ટડી મૃત્યુના કિસ્સામાં પોસ્ટમોર્ટમ ફરજીયાત છે.

– વ્યકિતગત ઓળખ ન થઈ શકી હોય તેવી વ્યકિતનું મૃત્યુ થયું હોય તેવા કિસ્સાઓમાં પણ પોસ્ટમોર્ટમ જરૂરી છે.

–તબીબી બેદરકારી થી મૃત્યુના આક્ષેપ કે શંકા હોય તેવા કિસ્સામાં પણ પોસ્ટમોર્ટમ કરવામાં આવે છે.

**૨. પેથોલોજીકલ /કલીનીકલ/સાયન્ટીફીક/Academic પોસ્ટમોર્ટમ**

કોઈ વ્યકિત હોસ્પીટલમાં મૃત્યુ પામે અને મૃત્યુનું કારણ મેડીકલ ઓફીસરશ્રી (ડૉકટરશ્રી) આપી શકે તેવા કિસ્સામાં મૃત્યુનું ચોકકસ કારણ જાણવા માટે પોસ્ટમોર્ટમ કરવામાં આવે છે. જેને પેથોલોજીકલ કલીનીકલ કે એકેડેમિક પોસ્ટમોર્ટમ કહેવામાં આવે છે. દા.ત. કોઈ રોગના કારણે થતી તપાસ મૃત્યુ–મેડીકલેઈમ કે જીવન વિમાના સંદર્ભમાં ઉપયોગી નિવડે છે.

આ પરીક્ષણ માટે મૃત્યુ પામનાર વ્યકિતના નજીક ના સગા સબંધીની સંમતિ આવશ્યક હોય છે. આ માટે કાયદાકીય સતામંડળની પરવાનગીની જરૂરીયાત રહેતી નથી. જયારે મેડીકો લીગલ પોસ્ટમોર્ટમ માટે આવી સંમતિની જરૂરીયાત રહેતી નથી.

## <u>પોસ્ટમોર્ટમઃ– Post - Mortem</u>

પોસ્ટમોર્ટમની દષ્ટિએ શરીરના ત્રણ મહત્વના ભાગો ખોપરી, છાતી અને પેઢું શબ પરીક્ષણમાં ખોલવામાં આવે છે. અને મૃત્યુનું કારણ નકકી કરવામાં આવે છે.

શંકાસ્પદ મૃત્યુના કિસ્સામાં જાણકારી મળ્યેથી પોલીસ અધિકારી તેની જાણ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ ને કરે છે. શંકાસ્પદ મૃત્યુ પામેલી વ્યકિતના કિસ્સામાં પંચનામું કરી ઈન્વેસ્ટ એટલે મૃત્યુનું કારણ જાણવા માટેનો રીપોર્ટ હાથ ધરવામાં આવે છે. સામાન્ય રીતે બનાવનું કારણ અને તેની આસપાસની સ્થિતિ, લાશની સ્થિતિ અને તેનું વર્ણન અને લાશની બાહય તપાસ મુખ્યરૂપે કરવામાં આવે છે. વણ ઓળખાયેલી લાશની ઓળખ માટે ટેટુ માર્ક, સ્કાર, મોલ વગેરે ચિન્હો જોવા માં આવે છે. લાશની તાપમાનની સ્થિતિ, લાશની અકડાઈ ગયેલી સ્થિતિ ,નરમ કે સડી ગયેલી, પી.એમ.લીવીડીટી તેના ઉપરની બાહય ઈજાઓ અન્ય ચિન્હો વગેરેનો સમાવેશ થાય છે.

મૃત્યુનું ચોકકસ કારણ જાણવા માટે શબ પરીક્ષણ અર્થે શબને બનાવના સ્થળેથી સરકારી દવાખાના, આરોગ્ય કેન્દ્ર કે હોસ્પીટલમાં મોકલી આપવામાં આવે છે. પરંતુ ઘણીવાર શબની સ્થિતિ મોકલવા યોગ્ય ન હોય તો આવી કાર્યવાહી માટે સરકારી તબબીને સ્થળ ઉપર બોલાવવામાં આવે છે. મેડીકો લીગલ પોસ્ટમોર્ટમ અધિકૃત કરાયેલા સ્થળે, અધિકૃત કરાયેલા તબીબ કે તબીબોની પેનલ ધ્વારા હાથ ધરવામાં આવે છે.

## <u>પેનલ પોસ્ટમોર્ટમ</u>

એક થી વધારે તબીબોથી, તેમની હાજરીમાં કરવામાં આવતા પોસ્ટમોર્ટમ પેનલ પોસ્ટમોર્ટમ કહેવામાં આવે છે. જે નીચેના સંજોગોમાં હાથ ધરવામાં આવે છે.

૧. પરિણીત સ્ત્રીના લગ્નજીવનના ૧૦ વર્ષના સમયગાળામાં આપઘાત કરવાની ઘટનામાં

૨. પોલીસ કસ્ટોડીયલ ડેથના કિસ્સામાં

૩. પોલીસ એન્કાઉન્ટરના કિસ્સામાં

આ ઉપરાંત સરકારશ્રી ધ્વારા પ્રાઈવેટ કોલેજોનેપોસ્ટમોર્ટમ કરવાની મંજુરી આપવામાં આવેલ હોય તો ઉપરોકત કિસ્સાઓમાં તે મેડીકલ કોલેજોમાં પોસ્ટમોર્ટમ કરી શકાય છે. પરંતુ પોલીસ એન્કાઉન્ટરમાં, પોલીસ કસ્ટોડીયલ ડેથના કિસ્સાઓમાં, પોલીસ ઈન્ટ્રોગેશનના કિસ્સામાં થતાં મૃત્યુના બનાવોમાં પેનલ પોસ્ટમોર્ટમ કરતી વખતે એક સરકારી તબીબી અધિકારીનો પેનલમાં સમાવેશ કરવામાં આવે છે.

## પોસ્ટ-મોર્ટમ ક્યારે કરવામાં આવે છે?

- ❖ સામાન્ય સંજોગોમાં પોસ્ટ-મોર્ટમ મરણના ૭૨ કલાક અંદર કરવામાં આવે છે, કારણ કે તે જેટલું જલદી થઇ શકે એટલી વધુ સારી રીતે ઉપયોગી માહિતી પ્રાપ્ત થાય છે.
- ❖ જો જરૂર જણાય તો હોસ્પિટલના સત્તાવાળાઓને વિનંતી કરીને મૃત્યુના ૨૪ કલાકની અંદર પોસ્ટ-મોર્ટમ કરવાનું શક્ય બને પણ ખરૂં.

## પોસ્ટ-મોર્ટમ કેવી રીતે કરવામાં આવે છે?

- ❖ પેથોલોજીસ્ટ ડૉક્ટર પોસ્ટ-મોર્ટમની શરૂઆત ચોકસાઇપૂર્ણ બાહ્ય તપાસથી કરે છે.
- ❖ ત્યારે શરીરને ખોલવામાં આવે છે અને આંતરિક અવયવો વિશે વિગતવાર તપાસ કરવામાં આવે છે.
- ❖ સંપૂર્ણ પોસ્ટ-મોર્ટમ પરીક્ષણ એટલે મગજ સહિત શરીરના દરેક મુખ્ય તંત્ર તેમજ છાતી અને પેઢાના દરેક અવયવની તપાસ.

  પોસ્ટ-મોર્ટમ કેવી રીતે કરવામાં આવે છે?
- ❖ એક એક કરીને દરેક અવયવને શરીરીથી જુદો પાડવામાં આવે છે, તેનું વજન કરવામાં આવે છે, અને તપાસ કરવાના હેતુથી તેને ચીરવામાં આવે છે.
- ❖ પોસ્ટ-મોર્ટમ દરમ્યાન શરીરીની નાની માંસપેશીઓના નમૂના લેવામાં આવે છે અને તેની વધુ સુક્ષ્મ તપાસ માટે મોકલવામાં આવે છે.
- ❖ કેટલાક પ્રસંગોમાં આખાને આખા અવયવને વધુ તપાસના હેતુથી કાઢી લઇને સંઘરવામાં આવે છે.
- ❖ એક્સ-રે અથવા ફોટોગ્રાફ પણ લેવામાં આવે છે.
- ❖ આંતરડાં વિગેરે અવયવોના સેમ્પલ ડૉક્ટર પોતે જ તપાસે છે અથવા ફોરેન્સીક લેબોરેટરીમાં નિષ્ણાતોને મોકલી આપે છે.
- ❖ મૃતકના કુટુંબના સભ્યોની અનુમતિ બાદ નાની પેશીઓના ટુકડા અને તેમાંથી બનાવેલી માઇક્રોસ્પીક સ્લાઇડોને તે વ્યક્તિના કાયમી મેડીકલ રેકોર્ડ તરીકે હોસ્પિટલની પેથોલોજી લેબોરેટરીમાં રાખવમાં આવે છે.
- ❖ શબ-પરીક્ષણનું પરિણામ જાહેર કરવામાં કેટલાંક સપ્તાહનો સમય લાગી જતો હોય છે.(સમયનો આધાર જે તે સ્થળના સંજોગો ઉપર છે.)
- ❖ શબ-પરિક્ષણ રીપોર્ટની એક નલક મૃતકના કુટુંબીજનોને મોકલવામાં આવે છે.
- ❖ જો વધુ તપાસ માટે કોઇ અવયવો સંઘરવા પડ્યા હોય,તો (તપાસ બાદ) તે મૃતકના કુટુંબીજનોને પરત કરવામાં આવે છે, અથવા હોસ્પિટલ દ્વારા તેનો નિકાલ કરી નાખવામાં આવે છે.

- કેટલીક વાર મૃતકના કુટુંબીજનો આવા અવયવો હોસ્પિટલને તપાસ અર્થે અથવા રિસર્ચ પ્રક્રિયા માટે દાનમાં આપી દેતા હોય છે.

<u>શબ-ગૃહ અધીકારી(કોરોનર) દ્વારા કરવામાં આવતું પોસ્ટ-મોર્ટમ :</u>

મૃતદેહ કોરોનરના કબજામાં સોંપવામાં આવે છે, તેનાં મુખ્ય ત્રણ કારણો છે.:

- જ્યારે અચાનક અથવા અણધાર્યું મૃત્યુ થાય.
- મરનાર વ્યક્તિ બિમાર હોય, પરંતુ તેને મૃત ઘોષિત કરનાર ડૉક્ટરને મોતના કારણ વિષે શંકા જાય.
- જ્યારે મૃત્યુ અકસ્માતનું પરિણામ હોય અથવા કોઇ અસામાન્ય સંજોગોમાં નીપજ્યું હોય(દાખલા તરીકે ઓપરેશન દરમ્યાન જ વ્યક્તિ મૃત્યુ પામે).

**<u>સ્વૈચ્છિક પોસ્ટ-મોર્ટમ:</u>**

- ડૉક્ટર અથવા મૃતકનાં પરિજનો દ્વારા તેની વિનંતી કરવામાં આવે છે.
- આવું પોસ્ટ-મોર્ટમ કરવા માટે મૃતકનાં પરિજનો દ્વારા સહી કરાયેલો દસ્તાવેજ અથવા મંજૂરીપત્ર આપેલો હોવો જોઇએ.
- આ મંજૂરીપત્રની એક કોપી મૃતકનાં પરિજનોને પાછી આપવામાં આવે છે.

<u>**ગોપનીયતા** – (Confidentially)</u>

શબ પરીક્ષણ દરમ્યાન બિન સતાવાર વ્યકિતને હાજર બાબતે પરવાનગી આપવામાં આવતી નથી મેડીકલ ઓફિસરશ્રીને શબ પરીક્ષણ દરમ્યાન જાણવા મળતા તથ્યોની કોઈને જાણ કરતા નથી કે કોઈપણ અન્ય વ્યકિતને શબ પરીક્ષણની નકલ આપવામાં આવતી નથી. (શબ પરીક્ષણ અહેવાલ ત્રણ નકલમાં તૈયાર કરવામાં આવે છે.)